વર્ષ : ૪ અંક : ૬ સપ્ટેમ્બર–૨૦૨૧

# પલાશ




શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

# જેપર પ્રાથમિક શાળા, તા.મુળી









વર્ષ : ૪

# પલાશ

અંક : ૬

અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા

## પલાશત્વ...

આઝાદી કા અમૃત મહોત્સવ...

ભારત દેશ આઝાદ થયાને પંચોતેર વર્ષ થઇ ગયા. જે અંતર્ગત ભારત સરકાર ‘આઝાદી કા અમૃત મહોત્સવ પર્વ’ની ઉજવણી કરી રહી છે.

રક્ત ટપકતી સો સો ઝોળી

અસરાંગણથી આવે

કેસરવરણી અમર સેવિકા

કોમલ સેજ બિછાવે

ઘાયલ મરતાં મરતાં રે ! માતની આઝાદી ગાવે

આઝાદી પ્રાપ્ત થઇ તેનાં અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ, વીરાધિવીર શહીદ જવાનો અને અનેક અગ્રગણ્ય નેતાઓને કેમ વિસરી શકીએ ?

ચાલો આપે સૌ વીરાધિવીર શહીદ જવાનોને અને સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્રણામ કરી તેઓને યાદ કરી સ્મરાણંજલિ અર્પણ કરીએ...

જય ભારત...

**: પત્રવ્યવહાર – સંપર્ક :**

ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શિક્ષકની સિગ્નેચર | ૦૩ |
| ૨ | સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અહેવાલ | ૦૪ |
| ૩ | સણોસરા પ્રવાસ | ૦૭ |
| ૪ | ગુરૂ તેગ બહાદુરની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સર્જનાત્મક લેખન સ્પર્ધા | ૧૨ |
| ૫ | સક્સેસ સ્ટોરી - ભલગામડા | ૧૩ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ ૧૨ મા કમ્પ્યુટરરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઈ–મેઈલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઈ–મેઈલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

# શિક્ષકની સિગ્નેચર

**- પારસકુમાર**

“કલમની કૂખેથી પારિજાત જેવા વિચારો ખરી પડે ત્યારે કાગળ પર વિચારોનું ગૌચર રચાય. પુષ્પ એ પ્રકૃતિની સિગ્નેચર છે અને સુંદર વિચારોનું ગૌચર એ શિક્ષકની સિગ્નેચર છે.”

પારસકુમારના વિચારોનું ગૌચર એટલે શિક્ષકની સિગ્નેચર. લેખકનું આ પ્રથમ પુસ્તક છે. તેઓ આદરણીય ગુણવંત શાહ વાચક અને ચાહક છે. તેમણે ગુણવંત શાહને ઘુંટડે ઘુંટડે પીધા છે. એટલી એમની કલમમાં પણ ગુણવંત શાહની શૈલી છલકાય છે. પુસ્તકની પ્રસ્તાવના પણ ગુણવંત શાહે જ લખી છે. તેનાથી જ આ પુસ્તકનું મહત્ત્વ પ્રગટ થાય છે. ગુણવંત શાહે વિચારોનું વૃંદાવન રચ્યું છે જ્યારે પારસભાઈએ વિચારોનું ગૌચર.

શિક્ષકના સિગ્નેચર ક્યાં જોવા મળે ? માત્ર વિદ્યાર્થીની નોટબુકમાં જ નહીં; પરંતુ તેની પાસે ભણતા બાળકના સ્મિતમાં, તેના ગીતમાં, તેની રીતમાં, તેની ભાતમાં, અને તેના સંસ્કારમાં શિક્ષકના સિગ્નેચર છે. પુસ્તક નિબંધ સંગ્રહ છે. લેખકે ૨૯ જેટલાં નિબંધમાં શિક્ષકના સિગ્નેચર સમાવ્યા છે. જ્યાં શિક્ષકના વિદ્યાર્થી સાથેના સંબંધો, શિક્ષકનું પોતાનું ચારિત્ર્ય તેમજ વ્યક્તિત્વ, શિક્ષકનું વાંચન, ભાષા પરનું પ્રભુત્વ, શિક્ષક સજ્જતા, શિક્ષક સ્વભાવ, જોડણી, શિક્ષકની લેખનશૈલી, શિક્ષણ જગતમાં બનેલ દેશ વિદેશની ઘટનાઓ, શિક્ષકનો વર્ગખંડ વ્યવહાર, વિગેરે જેવા વિષયો પર નિબંધ લખ્યા છે. નિબંધ લેખનની શૈલી રસાળ અને પ્રત્યેક નિબંધનાં શિર્ષક રસપ્રદ છે.

શિક્ષકને શિક્ષકત્વના વિચારો પૂરૂં પાડતું આ પુસ્તક છે. શિક્ષકને એક વિચાર ચિંગારી પૂરૂં પાડતું આ પુસ્તક સાચા અને સંવેદનશીલ શિક્ષકને ઉભો ને ઉભો સળગાવી નાખે, તેને વિચારતો કરી મૂકે અને ફરીથી તેને પોતાના બાળકો પ્રત્યે નવું કરવા વિચાર કરતો કરી મૂકે છે. આ પુસ્તક સૂતેલા શિક્ષકને જાગૃત કરવાનું કામ કરે છે. જેમ દિવાળી પહેલાં બહેનો અભરાઇએ ડાવેલા વાસણોને ઉતારીને માંજીને ચકચકાટ કર છે તેમ આ પુસ્તક શિક્ષકના વિચારો પર ચડેલા જાળાને દૂર કરી પુનઃ માંજે છ, ચકચકાટ કરે છે.

પારસભાઈની લેખનશૈલી અદ્‌ભૂતછે અને વિચારો જીવંત છે. આવો માણીએ...

- શિક્ષકનો મારગ છે સૂરાનો, નહીં કાયરનું કામ.
- ક્યારેક શિક્ષકત્વ અને માતૃત્વ વચ્ચે મધુર હરીફાઇ જામતી હોય છે. વિશેષ પ્રકારના શિક્ષકત્વ આગળ માતૃત્વને પણ સંઘર્ષ કરવો પડતો હોય છે.
- લોકોને પુસ્તકો પસ્તીમાં આપતી વખતે સ્વજનોને વૃધ્ધાશ્રમમાં મોકલવા જેવી લાગણી થતી હશે કે નહીં.
- ટેબલ પર સ્થિર પડેલા ચોકમાં સ્થિતિ ઉર્જાની સાથે સાથે શબ્દઊર્જા પણ સમાયેલી હોય છે.
- શિક્ષકના મુખમાંથી સરેલો કે ટરવેથી ટપકેલો પ્રત્યેક શબ્દ શિક્ષકત્વનું પ્રતિનિધિત્વ કરે છે.
- શબ્દશૂન્ય શિક્ષક શિક્ષણ શૂન્ય શાળાનો સર્જક છે.
- કેટલાક શિક્ષકોનો સ્વભાવ ચોક જેવો હોય છે, જાત ઘસીને પણ શબ્દો સર્જે.

**પ્રકાશક : ડબલ્યુ.બી.જી. પબ્લીકેશન**

**પ્રકાર : નિબંધ સંગ્રહ**

**સંકલન : નિતીન પંચાલ, વડીયા પ્રાથમિક શાળા, તા.સાયલા**

# સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અહેવાલ

**- ડૉ. કે. આર. પંડ્યા**

છેલ્લા ૧ વર્ષથી જે પ્રોજેક્ટ વિષે ચર્ચા અને તૈયારીઓ ચાલતી હતી તેને અંતિમ રૂપ આપવા તરફના પ્રથમ સોપાન તરીકે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, ડાયેટ પ્રાચાર્યશ્રીઓ, જીલ્લા નોડલ ઓફીસરશ્રીઓ અને જીલ્લાના તમામ બીઆરસી કો. ઓ. શ્રીઓ માટે *MISSION SCHOOLS EXCELLENCE* પ્રોજેક્ટ અંતર્ગત તેના હેતુઓ, રૂપરેખા, તેના માટેનું આયોજન, તેની તૈયારી, અને તેના અમલીકરણ માટેની ચર્ચાવિચારણા અને માર્ગદર્શન માટેનો ૨ દિવસીય વર્કશોપ માનનીય શિક્ષણ સચિવ ડૉ. રાવ સાહેબની અધ્યક્ષતામાં તા.૩૦/૬/૨૧ અને ૧/૭/૨૧ના રોજ જીસીઈઆરટી ગાંધીનગર ખાતે યોજાઇ ગયો.

તાલીમવર્ગમાં ડાયેટ દ્વારા તા.૫મી જુલાઇ ૨૧ના DEO, DPEO, તમામ TPEO તેમજ બી.આર.સી., એસ.આઇ. સાથે એક સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું. સ્કૂલ્સ ઓફ એકસન્સ અંતર્ગત કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું. ૧૦૦ દિવસ અને ૨૦૦ દિવસ માટેની શાળાઓની યાદી બનાવવામાં આવી. સાથે સાથે ૧૦૦ દિવસના બેક અપ માટેની શાળાઓની યાદી તૈયાર કરવામાં આવી. એસ.આઇ. દ્વારા સ્કૂલ એક્રેડિટેશનની માહિતી રજૂ કરવામાં આવી. આગામી દિવસોમાં કરવાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

ડાયેટ દ્વારા તા. ૯મી જુલાઇ ૨૧ના જીલ્લાના DEO, DPEO, તમામ TPEO તેમજ બી.આર.સી., એસ.આઇ. સાથે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું. સ્કૂલ્સ ઓફ એકસન્સ અંતર્ગત કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું. ૧૦૦ દિવસ અને ૧૦૦ દિવસના બેક અપ માટેની કુલ ૪૦ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ સીઆરસીને એસ.આઇ. દ્વારા સ્કૂલ એક્રેડિટેશનની માહિતી આપવામાં આવી. આગામી દિવસોમાં કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૩મી જુલાઇ ૨૧ના ડાયેટ મુકામે માધ્યમિક કક્ષાએ પસંદ કરવામાં આવેલ ૨૦ શાળાઓના આચાર્યશ્રી સાથે એક સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકમાં DPEO સુરેન્દ્રનગર, તમામ EIs તેમજ માધ્યમિક શાળાન આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. માધ્યમિક કક્ષાએ પસંદિત શાળાઓને સ્કૂલ્સ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ, G-SHALA એપ્લીકેશનની પ્રેઝન્ટેશન દ્વારા બી.આર.સી.

વઢવાણ નિલેશભાઈ દ્વારા સમજ સ્પષ્ટ કરવામાં આવી. આગામી સમયમાં કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૪–૭–૨૦૨૧ના રોજ જીલ્લા કક્ષાનો વર્કશોપનું બી.આર.સી. ભવન લીંબડી ખાતે આયોજન કરવામાં આવ્યું. જેમાં જીલ્લાના તમામ તાલુકાની ૨૦૦ દિવસની ૨ શાળા અને ૧૦૦ દિવસના બેકઅપમાં રહેલ ૨ શાળા અને તે ૪ શાળાના લગત સી.આર.સી. કો.ઓ. ને હાજર રહેલ હતા. આ તાલીમ વર્કશોપનું આયોજન જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવેલ હતું. તાલીમમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મીતાબેન ગઢવી સાહેબ, ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ. સી. ટી. ટુંડિયા સાહેબ, લીંબડી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાંચાણી સાહેબ, તાલુકા લાયઝન ડાયેટ લેક્ચરર ડૉ. સુમનબેન પંડ્યા, વર્ગ સંચાલક ડાયેટ લેક્ચરર ડૉ. કોમલબેન પંડ્યા, લીંબડી તાલુકા કેળવણી નિરક્ષિક ચૌહાણ સાહેબ, તજજ્ઞ તરીકે બી.આર.સી. કો. ઓ. લીંબડી અશોકભાઈ વાઘેલા અને સાયલા ઘનશ્યામભાઈ ચાવડા, તેમાં એસ.આઈ. વેલાભાઈ સાંટીયા અને તુલસીભાઈ મકવાણા હાજર રહ્યા હતા. શાળાનું મુલ્યાંકન જે એસ.આઈ. દ્વારા ગુણોત્સવ ૨.૦ દ્વારા કરવામાં આવે છે. તે તમામ મુખ્ય ક્ષેત્રો, પેટા ક્ષેત્રો અને તેના ઈન્ડીકેટર્સ વિગતે ચર્ચા બંને એસ.આઈ. મિત્રો દ્વારા કરવામાં આવી હતી. તમારી શાળાના હાલના ગુણોત્સવ ૨.૦ના પરિણામ અને તેમાં ક્યા ક્ષેત્રમાં કઈ રીતે સુધારો કરી શકાય? તેના વિષે તમામ મુખ્ય ક્ષેત્રો, તેના પેટા ક્ષેત્રો અને એ પેટા ક્ષેત્રોના ૬૧ ઈન્ડીકેટર વિષે ચર્ચા કરી. તેમજ પ્રત્યેક ઈન્ડીકટર માટે અપેક્ષિત આદર્શ સ્થિતિ કઈ હીઈ શકે તેની પણ ચર્ચા આરી. જેથી આ તમામ શાળાઓ સરળતાથી ગ્રીન ૪ સ્તર સુધી પહોંચી શકે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી. સાથે સાથે આચાર્ય અને શિક્ષકોએ કેવી રીતે કામગીરી કરવાની, કેવા ડોક્યુમેન્ટ નિભાવવાના અને બાળકોમાં કેવી રીતે ગુણાત્મક સુધારો લાવી શકાય તે બાબતે પણ વિસ્તૃત ચર્ચા અને પ્રશ્નોત્તરી કરવામાં આવી. આ રીતે ૨૦૦ દિવસની ૨ શાળા અને ૧૦૦ દીવાના બેકઅપમાં રહેલ ૨ શાળા એમ કુલ ૬ શાળા અને તે શાળાના લગત સી.આર.સી. કો. ઓ. ને માહિતગાર કરવામાં આવ્યા. જેમાં સી.આર.સી. કો. ઓ. તરીકેની તમારી ભૂમિકાને તેના માટેનું શાળાને સી.આર.સી. કો. ઓ. દ્વારા માર્ગદર્શન અને શાળાી ગુણવત્તા સુધારવામાં હન્ડહોલ્ડીંગ અને શિક્ષણ કાર્યમાં પણ સહયોગ કેવી રીતે કરી શકાય તેની વિષે માહિતગાર કરવામાં આવ્યા.

ડાયેટ દ્વારા તા. ૧૮મી ઓગષ્ટ ૨૧ના જીલ્લાના ૧૦૦ દિવસ માટેની શાળાઓની યાદી મુજબના શાળાઓના આચાર્યોની એક બેઠકનું આયોજન ડાયેટ

કરવામાં આવ્યું. એસ.આઇ. દ્વારા સ્કૂલ એક્રેડિટેશનની માહિતી રજૂ કરવામાં આવી. તમામ આચાર્યો દ્વારા તેમણે કરેલ કામગીરીનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. તેમને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરવામાં આવી. એસ.આઇ. દ્વારા શાળાદીઠ બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું.

ડાયેટ દ્વારા તા.૭મી સપ્ટેમ્બર ૨૧ના જીલ્લાના ૨૦૦ દિવસ માટેની શાળાઓની યાદી મુજબ શાળાઓના આચાર્યોની એક બેઠકનું આયોજન ડાયેટ દ્વારા કરવામાં આવ્યું. એસ.આઇ. દ્વારા સ્કૂલ એક્રેડિટેશનની માહિતી રજૂ કરવામાં આવી. તમામ આચાર્યો દ્વારા તેમણે કરેલ કામગીરીનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. તેમને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરવામાં આવી. એસ.આઇ. દ્વારા શાળાદીઠ બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું.



## સણોસરા પ્રવાસ

- **પ્રથમ દિવસ - તા. ૨૭-૯-૨૦૨૧**

અમારે લોકભારતી સણોસરાનો પહેલો દિવસ. અમારે ૧૨:૩૦ પહોંચવાનો સમય હતો. પણ વરસાદનાં કારણે અમારો સમય ૧:૦૦ વાગ્યાનો કરવામાં આવ્યો. ત્યારબાદ લાજીભાઈએ અમારી હાજરી પૂરીને આઈકાર્ડનું વિતરણ કર્યું. ત્યારબાદ અમે બસમાં ૧:૪૫એ સામાન મુકીને ગોઠવાયા. ત્યારબાદ ૭:૩૦ વાગ્યે સણોસરા પહોંચ્યા ત્યાં અમને વિવિધ ગૃપમાં વહેંચીને વિવિધ આવાસ કેન્દ્રમાં ઉતારો આપવામાં આવ્યો. તાયરબાદ ......... થઈને સાંજમાં ભાખરી, સેવ–ટામેટાનું શાક, ખીચડી–કઢી, દૂધ અને છાસનું ભોજન માંણ્યું. ત્યાં અમને તાલીમ આપનાર પાર્થીવસર, અરબાઝસર અને શીવાની મેડમે પોતાનો પરિચય આપ્યો અને થોડીક સૂચનાઓ આપી અને ખાસ એ પણ તકેદારી રાખવા માટે જણાવ્યું કે ત્યાંના સણોસરા કેમ્પસમાં ક દીપડો ફરી રહ્યો છે માટે અમને સૌને ચેતવણી આપી અને જરૂરી તકેદારી રાખવા જણાવ્યું. ત્યારબાદ અમે સૌએ પોતપોતાની ભોજન થાળી સ્વચ્છ કરીને છુટ્ટા પડ્યા. અમે અતિથીગૃહમાં આવાસ કરતી કેટલીક બહેનોને સુન્દરમ ગૃહમાં થઈને ૧૫૦ જેટલા તાલીમાર્થીઓ માટેની કીટ તૈયાર કરી જેમાં સેનેટાઈઝર, માસ્ક, પેન, બૂક, બગ જેવી સામગ્રી હતી. ત્યારબાદ અમે દરેક બહેનો પોતાના આવાસ કેન્દ્રમાં જઈને રાત્રી નિન્દ્રા કરી.

- **દ્વિતીય દિવસ - તા. ૨૮-૯-૨૦૨૧**

સવારની ગરમા ગરમ ચા સાથે અમારી શુભ શરૂઆત થયેલી, ત્યારબાદ ભગવાનને યાદ કર્યા, પ્રાર્થના કાર્યક્રમનો સરસ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ ‘હું શિક્ષક છું’ તાલિમનો રંગારંગ પ્રારંભ અમારા શોખ અમારી વિચારસરણી જેવી બાબતોને આવરી લઈ ટુકડીઓમાં વિભાજીત થતા થયો. બધા જ તાલીમાર્થીઓ પોતપોતાના બંધબેસતા હોય અને  અનુકૂળ લાગતા હોય તેવા મુદ્દા–ટોપકિવાળી ટુકડીઓમાં રહેવાનું થયું. કોઈને વાંચનનો શોખ હતો તો કોઈને કોઈ કળામાં નિપૂણ હતું. તો કોઈ સંગીતપ્રેમી હતું. તો કોઈ ઘણા રાજ્યોમાં ફરેલું હતું. આવી રીતે આગળ વધતા દરેક ટુકડીઓ પોતપોતાના પરિચયમાં એક ખાસ વિશેષ વસ્તુ રહેતી તે કહેતી જેમાંથી એ જાણવા મળેલું કે અહીં આવેલા તાલીમાર્થીઓમાં અલગ અલગ વિશેષતાઓ હતી. બધાનો ઈતિહાસ અલગ અલગ હતો. એકબીજાથી પરિચિત થઈ ગયા હતા તેની ખબર જ નાં પડી. ત્યારબાદ અમે સાત પ્રકારનાં અલગ અલગ વિભાગોમાં વહેંચાયા. બધાને પોતપોતાની બુદ્ધિ ચકાસી લેતું સરસ મજાનું એક સુંદર મજાનું વિધાન આપવામાં આવ્યું. આ વિધાનને સહમત અસહમત સાથે કારણો સાથે રજુ કરવામાં આવ્યું. બધા જ વ્યક્તિઓનાં વિચારોનો સુમેળ સમ્નવય સાધવાનો મને એક સુંદર માધ્યમ લાગ્યું. અમારૂ શીર્ષક જ હતું ‘હું શિક્ષક છું’ તો શીર્ષક દરેક પરિસ્થિતિમાં દરેક વ્યક્તિ સાથે હળીમળી શકે તેવો હોવો જોઈએ. જેનું ........ અમને અપાયેલા

વિધાનનાં કાર્ય પરથી સાર્થક થતું હતું. વર્ગખંડમાં રજૂ થયેલ દરેક વિધાન ઘણું બધું તલસ્પર્શી ........... આપી જતું હતું. અમારા પાર્થીવસર અને શિવાનીમેડમ અને એક તર્ક–વિતર્ક કરી સૌને સરસ પ્રશ્નાર્થ કરી બધાને વિચારતા કરી દેતા. આમ અમારા પ્રથમ દિવસના કાર્યક્રમમાં રાગે શોર્ટફિલ્મ જોયા પછી છુટા પડ્યા.








- **તૃતીય દિવસ - તા.૨૯-૦૯-૨૦૨૧**

''કેવી રહી હતી અમારી ગઈ કાલ
એની રજૂઆત તે અમારો આજનો અહેવાલ''

ગઈકાલના દિવસની શરૂઆતમાં સવારની સભામાં  ડાયેટનાં  તાલીમાર્થીઓ દ્વારા કંઈ નવી રજૂઆત જોવા મળી હતી. જેમાં જન્મદિવસની ઉજવણી સારી રીતે કરવામાં આવી.

ત્યારબાદ ફિલ્મ સમીક્ષા દ્વારા ટૂંકી ફિલ્મોમાંથી બાળકોને કેવી રીતે ભણાવી શકાય તેની વિસ્તૃત સમજ મળી. ત્યારપછી, પાર્થશસર, શિવાની મેડમ તથા અરબાઝભાઈ દ્વારા દરેક તાલીમાર્થીઓને એવી રીતે વહેંચવામાં આવ્યા કે જેથી દરેક તાલીમાર્થી એકબીજા સાથે તાલમેલ બેસાડી નવીન પ્રવૃત્તિ કરવામાં જોડાયા.

જુદા જુદા મેથડ આધારિત જૂથ પાડવામાં આવ્યા અને વિષય વસ્તુની વહેંચણી દરેક વિદ્યાર્થીના અભ્યાસ અનુરૂપ હતી. અને દરેક ટાસ્કને નાટ્ય સ્વરૂપે રજુ કરવાના હતા. શરૂઆતની ક્ષણોમાં દરેક ગૃપનાં તાલીમાર્થીઓમાં પોતાના વિષય વસ્તુને કેવી રીતે રજુ કરવું એ માટેની દ્વિધા હતી. જેમાં બધા જ ગૃપ મેન્ટરનો યોગ્ય સહકાર મળ્યો.

જમવાના સમયે પણ દરેક ગૃપ એ બાબતોની ચર્ચા કરતા હતા. સાંજની સભાનો પ્રારંભ બધા કેવી રજૂઆત કરશે તેની સાથે થયો હતો. પ્રથમ રજૂઆત સાથે બધાનાં મનમાં થતી મુંઝવણનો અંત થયો અને આજની આ સભા વિશિષ્ટ બની રહેશે તેનો ખ્યાલ તેના પરથી આવ્યો.

કાર્યક્રમ દરમ્યાન તાલીમાર્થીની સહકારની ભાવના જોવા મળેલી. કાયક્રમમાં કેટલીકવાર લાઇટ ગઇ ત્યારે જોવા મળ્યું કે દરેક તાલીમાર્થીઓએ પોતાના મોબાઇલની ફ્લેશલાઇટ ચાલુ કરી સહકારની ભાવના જોવા મળી હતી. તેમાં તેમનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ગઇકાલનો દિવસ અમારા માટે કંઇક વિશિષ્ટ હતો.





- **ચતુર્થ દિવસ - તા.૩૦-૯-૨૦૨૧ :-**

પ્રભાત જાણે ન જાણે કોણ મહેકાવે,
શીતળતા સવારની હૈયું હિચકાવે,
ભૂતકાળના પગથીયા પર વર્તમાન ચાલી આવે,
આંખે જોઇ સ્મૃતિઓ અહેવાલ મારો સમજાવે,

સવારની શરૂઆત લોકભારતીનાં પ્રફુલ્લિત વાતાવરણમાં મોરના ટહુકા સાથે રમતગમત દ્વારા થઇ. જેમાં બેડમિન્ટન, વોલીબોલ, ચેસ જેવી રમતો રમવામાં આવી જેનાથી અમે એક તાજગી અને સ્ફુરતિ અનુભવી. સવારે ચા–નાસ્તો કર્યા બાદ ૮:૩૦ કલાકે સ્મૃતિભવનમાં બધા હાજર થયા. આજે પ્રભાતસભામાં અમારો એટલે કે સુરેન્દ્રનગર ડાયેટનાં તાલીમાર્થીઓનો વારો હતો. પ્રભાતસભા આજે C આકાર હતી. જેમાં સૌ એકબીજાહાવભાવને સામસામાં જોઇ શકતા હતા. પ્રભાતસભામાં સુરેન્દ્રનગર ડાયેટનાં તાલીમાર્થીઓએ જુદી જુદી કૃતિઓ રજુ કરી રંગમંચ વિવિધતાસભર બનાવ્યું. ત્યારપછી તા.૨૯–૯–૨૦૨૧નાં રોજ જે છ ટુકડી દ્વારા જે કાર્ય રજુ કરવામાં આવ્યા તેના ફીડબેક અને રીવ્યું લેવામાં આવ્યા. જેમાં દરેક મેન્ટરએ તેના લર્નીંગ આઉટકમની ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને હેલ્થ ડિસ્કસન થયું. જેમાં દરેક ટુકડીએ પોતાના ખાટા–મીઠા અનુભવ કહ્યા. ત્યારબાદ તેને સુસંગત જઇ આપણી નવી NEP પર ચર્ચા કરી તેમજ ભાવી શિક્ષણ કેવું અને કેટલી ગુણવત્તાવાળું હોવું જોઇએ તેની વિસ્તૃત ચર્ચા કરી.

બપોરે ચા પી વિરામ બાદ શરૂઆત ૧૪ પ્રશ્નોથી કરવામાં આવી. જેમાં પ્રશ્નો આપણા વ્યવહાર અને વલય આધારિત હતા. જેમાં આપેલા ચાર વિકલ્પોમાંથી સુસંગત વિકલ્પ પસંદ કરવાનો હતો. તેમાં રીઝલ્ટ સામાન્ય રીતે જોઇ શકાય તેવું ન

હતું પરંતુ તેમાં કંઈક અલગ જ જોવા મળ્યું. જેમાં રીઝલ્ટ એ બાબત ઉપર નિર્ભર હતું કે કોણફક્ત જોઈને, કોણ ફક્ત સાંભળીને અને કોણ કાર્ય કરીને શીખે છે. તેમાં દરેકનાં રીઝલ્ટ પરથી જાણવા મળ્યું કે દરેક વિદ્યાર્થી અલગ અલગ રીતે શીખે છે. દરેકમાં આ ત્રણ બાબત અલગ અલગ પ્રમાણમાં જોવા મળે છે. ત્યારબાદ શિવાનીમેડમે અમને સમજાવ્યું કે પીરામીડ દ્વારા કઇ રીતે શીખવાની શૈલીમાં વિકાસ જોવા મળે છે.

ત્યારબાદ ૫:૩૦એ સભા પૂર્ણ થઇ ત્યારબાદ સૌ ભોજન કરી પાછા સ્મૃતિ ભવનમાં ગયા. જ્યાં અમારી સમક્ષ વિશાલભાઇ ભદાણીનો પરિચય થયો. જેમણે અમને નવી તાલીમ અંગે સમજ આપી. તેમણે સમજાવ્યું કે આધુનિક યુગ કે જ્યાં રોબોટ પણ ભણાવી શકે ત્યાં આપણી શી જરૂર? અને શિક્ષણમાં ઉદ્‌ભવેલી તૃટી આપણે કઇ દિશામાં જવાથી ઓછી કરી શકીએ તેનું માર્ગદર્શન મળ્યું. તેમનું પ્રભાવિત વક્તવ્ય દરેકનું ધ્યાન કેન્દ્રિત કરતું હતું. તેઓએ અમને છેલ્લા ત્રણ દિવસનાં પડકારરૂપ કાર્યો કરવા પાછળનાં હેતુ સમજાવ્યા. આ ઉપરાંત લોકભારતી ગ્રામવિદ્યાપીઠની વિશેષતાઓ અને શૈલી જાણી. અમે ખુબ જ પ્રભાવિત થયા. લોકભારતીની શિક્ષણ આપવાની શૈલી, તહેવારોની ઉજવણી, તેની સાદગીની સુંદરતા અને પ્રફુલ્લિત એવા વાતાવરણને સમજી ખરેખર એવું થતું હતું કે શિક્ષણની પ્રણાલી કંઇક આ શૈલીમાં હોવી જોઇએ !!

અંતે લોકભારતીનાં ગરબા અંગેનાં સમાચાર સાચા પુરવાર થયા અને અમે (સુરેન્દ્રનગર, સુરત, નવસારી ડાયેટ) લગભગ કલાક સુધી ગરબાની મજા માણ્યા બાદ સૌ એક મીઠી યાદો સાથે છુટા પડ્યા.

- **પાંચમો દિવસ - તા.૧-૧૦-૨૦૨૧ :-**

ચાલી ચાલીને માણસ બદલે છે ચાલ,
આજ આવીને બદલે છે કાલ,
આ સમય જતો રહે છે ને બદલે છે સાલ,
તમારી યાદોને તાજી કરવા હું લાવ્યો છું,
તા. ૧ ઓક્ટોબર ૨૦૨૧ને શુક્રવારનો અહેવાલ.

સવારના કુદરતી સૌન્દર્યને માણતા ભોજનાલયે પહોંચ્યા. સવારના ચાની ચૂસકી અને નાસ્તારૂપી ભોગને આરોગ્યા બાદ અમારી ઉત્સુકતાનાં ઉછળતા મોજાને બસ વડે દક્ષિણામૂર્તિ બાલવિદ્યા ભવન, ભાવનગરની દિશા મળી. દોઢથી બે કલાકનાં સમયગાળા બાદ આ મોજાને દક્ષિણામૂર્તિ બાળ વિદ્યાનભવનનો કિનારો મળ્યો. ધૂન, ભજન, જોડકણા અને બાળગીત સાથે અભિનયનો મીઠો આવકારો મળ્યો. બાળકોનાં પાયાનાં શિક્ષણ માટેની નાની બકુલ, મોટી બકુલ અને પારિજાત જેવા વર્ગખંડની મુલાકાતે અમને  અમારૂં બાળપણ અને જાત જાતનાં શાળાના

રમકડા યાદ અપાવી દીધા.મને તો એવું લાગ્યું કે અમે ચોથા ધોરણમાં શીખ્યા હતા તે આ વિદ્યાભવનનું બાળક પ્રથમ ધોરણમાં જ શીખી લે છે. જાતજાતના ઈન્દ્રીય વિકાસનાં સાધનો જોઈને તો મારી ઈન્દ્રિયોએ કામ કરવાનુંબંધકરી દીધું હોય એવું મને લાગતું હતું. સમયનાં અભાવે ઉપલછલ્લી માહિતી મેળવ્યા બાદ અમે જાણ્યું કે રેતીથી પણ શિક્ષણ અને વગર પેન્સીલે પણ! વસ્તુની ઓળખ માટે ચિત્રચિઠ્ઠી તો ક્યાંક વસ્તુચીઠી, સ્પર્શના પાટિયા, ચલ સ્પર્શ, અવાજની પણ નાની ઉંમરમાંજ ઓળખ વગેરે વગેરે. આ અદ્‌ભુત અનુભવને સમયની સાંકળે બાંધ્યો અને મન તો ત્યાંથી જવાનું થતું ન હતું પરંતુ મન મારીને ત્યાંથી ગૃપ ફોટા બાદ અમે શ્રી બળવંતરાય પારેખ વિજ્યાનગરીએ પંદરમિનીટની નાની સફર બાદ પહોંચ્યા. પ્રાંગણમાં પ્રવેશતાં જ જેવું નામ તેવું કામ જોવા મળ્યું. અમારા બધાનાં ફરી પાછા ગૃપ પડ્યા અને ફરી એકવાર અમે આ વિજ્યાનનગરીનાં જ્ઞાનને ગ્રહણ કરવા નીકળી પડ્યા. રસાયણશાસ્ત્રનું જાદુ જેવા પ્રયોગથી રસપાન કર્યું. તો ભૌતિકશાસ્ત્રની ભાતભાતની ઉપયોગીતાનું માત્રએક વર્ગખંડ થકી વિશ્વમાં ભ્રમણ કર્યું. જીવવિજ્ઞાનથી જીવજગતનું ઝરણું જોવા મળ્યું કારણ કે સમયનો અભાવ આમ આવા જીજ્ઞારૂપી વિજ્ઞાનનું જ્ઞાન મેળવ્યા બાદ ઓડીટોરીયમમાં બધાનું અભિવાદન અને અધ્યાપકોએઆવજો કહી મધ્યાહન ભોજન પીરસ્યું અને બધા તાલીમાર્થીઓએ પેટ ભરીને ખાધું.છુટા પડવાનું મન તો નહોતું થતુ પણ મનને મનાવ્યું અને ત્રણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં તાલીમાર્થીઓ એકબીજાથી તાલીમની તાલાવેલીથી બંધાયેલ યાદો સાથે છુટા પડ્યા. પાછા ફરતી વેળાએ અયોધ્યાપુરમનો આનંદ અને કુંડળધામમાં સ્વામીનારાયણ સંપ્રદાયનાં ઐતિહાસિક ગઢની મુલાકાતે અમને એ સમયમાંજવા મજબુર કરે એવો અહલાદક અનુભવ કરાવ્યો. અમે અંતેમારૂતિનંદન, પનવપૂત્ર હનુમાનજી મહારાજનું ધામ સાળંગપુરની આરતીનો શુભ લાહ્નોઅને પ્રમુખસ્વામી મહારાજની અંતિમવિધિનાં સ્થાનની શ્રધ્ધાભેર શ્રધ્ધાંજલિ સાથે આપણા સુરેન્દ્રનગર તરફ પ્રયાણ કરતા કરતા બસમાં જ ઠંડા ઠંડાઆઈસ્ક્રીમનો આસ્વાદ માણ્યો અને રાત્રે ૯ વાગ્યે ને બાર મીનીટે અમે આપણી કોલેજે આનંદ સાથે ઉતર્યા.

**અહેવાલ લેખન :**

૧. ધલવાણીયા ચિરાગ

૨. જમોડ જિજ્ઞેશ

૩. અમરેલિયા પાર્થ

૪. વાઘેલા આનંદભાઈ

**માર્ગદર્શકઃ**

૧. પિયુષભાઈ મહેતા

૨. ખ્યાતિબેન ટ્રેટીંયા

# ગુરૂ તેગ બહાદુરની જન્મજયંતિની ઉજવણી નિમિતે સર્જનાત્મક લેખન સ્પર્ધા

**ગુરૂ તેગ બહાદુરની જન્મજયંતિની ઉજવણી નિમિતે સર્જનાત્મક લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિષયો નીચે મુજબ હતા.**

૧. ગુરૂ તેગ બહાદુરના બાળપણના અનુભવો.

૨. ગુરૂ તેગ બહાદુરના જીવનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા.

૩. ગુરૂ તેગ બહાદુર–ગુરૂપદ, શહિદી તેમજ માનવતાના દૂત તરીકે.

શાળા કક્ષાએથી પસંદિત કૃતિ તાલુકા કક્ષાએ આવેલ. તાલુકા કક્ષાએથી પસંદિત કૃતિ જિલ્લા કક્ષાએ આવેલ. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા નીચે મુજબની દસ કૃતિ પસંદ કરી રાજ્યકક્ષાએ મોકલવામાં આવી.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| ૧. | હેપી કનુભાઇ અમીન | ગણપતિ ફાટસર પ્રા. શાળા, વઢવાણ |
| ૨. | પરમાર ગોપી બી. | વણોદ કન્યા શાળા |
| ૩. | ચાવડા સુમિત આઇ. | ઉંટડી પ્રા. શાળા |
| ૪. | ઝાલા દિપાલીબા વનરાજસિંહ | મોઢવાણા પ્રા. શાળા |
| ૫. | ડાભી ઉર્વશી એચ. | પ્રા. શા. નં.૬, થાનગઢ |
| ૬. | ખાચ રાજદિપ એ. | લાખાવડ પ્રા. શાળા |
| ૭. | ચૌહાણ દિવ્યાબેન ડી. | સરકારી હાઇસ્કુલ, પાણશીણા |
| ૮. | નેહલ દિલીપભાઇ બાખલકીયા | મોટા મઢાદ પ્રા. શાળા |
| ૯. | નગવાડીયા સુખુ વાલજીભાઇ | વરસાણી માધ્યમિક શાળા |
| ૧૦. | કણસાગરા હિના આર. | ઇશ્વરીયા પ્રા. શાળા |

મૂલ્ય સર્જનની સુંદર પ્રવૃત્તિમાં સહભાગિ થયેલ સૌ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શિત તથા પ્રેરિત કરનાર સૌ ગુરૂજનોને ડાયેટ, સુરેન્દ્રનગર પરિવાર અભિનંદન પાઠવે છે.

# સક્સેસ સ્ટોરી - ભલગામડા

- ડૉ. કે. આર. પંડ્યા, લેક્ચરર, ડાયેટ - સુરેન્દ્રનગર.

## સપ્તરંગી શાળા



**હવે અમારી શાળાની વાત કરીએ...**

અમારી શાળાની સ્થાપના તારીખ ૧–૨–૧૮૭૭માં રજવાડાના સમયથી અસ્તિત્વ ધરાવે છે. શરૂઆત એક ઓરડાથી થઇ હતી, ત્યારે ધોરણ ૧ થી ૪નીશાળા હતી. ત્યારબાદ ૧ થી ૭ ધોરણની શાળા બનતા ૭ ઓરડા બનાવેલા હતા. આ સંકુલ ગામમાં આવેલ છે. તેમાં બાળકોને રમવામાટેનું મેદાન નથી. જેથી ભૂકંપ બાદ શાળાના શિક્ષકશ્રી અને આ જ ગામના વતની એવાં શ્રી સુખદેવસિંહપથુભા રાણા તથા ગામ આગેવાનો દ્વારા ગ્રામજનોના વાડાની જગ્યા તેઓને સમજાવીને, બાળકોના વિકાસ માટે, ગામના વિકાસ માટે શાળાનું બીજું સંકુલ બનાવવા માટે, અથાગ પ્રયત્નોને અંતે જગ્યા મેળવી. તે સમયે આ સંકુલ માત્ર ૨ રૂમથી શરૂ થયેલ જે આજે સ્માર્ટ ક્લાસ સુધઈની સંપૂર્ણ સુવિધાથી સજ્જ બનેલ છે.

**"ગામ આગેવાન-ગ્રામજનોનો સંપૂર્ણ સહકાર અમારી શાળાનું શ્રેષ્ઠત્તમ ઘરેણું છે."**

જેવી રીતે જળ વિના માછલી, બાતી વિના દીપકની કલ્પના કરવી અશક્ય છે. તેવી જ રીતે શાળા વિના સમાજ અને સમાજ વિના શાળાના અસ્તિત્વની કલ્પના ન કરી શકાય.

**"ઉડવાની હિંમત હોય તો પાંખો ફૂટે,**

**બાકી બેસી રહીએ તો કિસ્મત પણ ફૂટે..."**

અમારો શાળા પરિવાર આચાર્યથી માંડી દરેક શિક્ષક ભાઇ–બહેન તેમજ સી.આર.સી. કો.ઓ. શ્રી, શાળા વિકાસ તેમજ બાળકની ઉન્નતી માટે હંમેશા પ્રયત્નશીલ છે. શૈક્ષણીક કાર્યો હોય કે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન હોય, ગામનો કોઇ કાર્યક્રમ હોય તેના માટે હર હંમેશ સારું આયોજન થાય તેમાં સફળતા મળે ત્યાં સુધી કાર્યરત રહીએ છીએ.

અમારી શાળામાં એચટાટ આચાર્ય સહીત કુલ ૯ શિક્ષકો કાર્યરત છે. નિમ્ન પ્રાથમિકમાં ૪ અને ઉચ્ચ પ્રાથમિકમાં ૪ શિક્ષકો કાર્યભાર સંભાળે છે. અમારી શાળામાં શાળા પંચાયત – બાળ સંસદની રચના કરવામાં આવેલ છે. શિક્ષકશ્રીઓના માર્ગદર્શન હેઠળ આ પંચાયત કામ કરે છે. દરેક કામગીરી બાળકોની વિવિધ સમિતિઓ દ્વારા થાય છે. બાળક સારો સંચાલક બને તેવા હેતુ માટે ધોરણ ૪ થી ૮ના બાળકોને વારાફરતી શાળામાં પ્રાર્થના સંચાલન, કાર્યક્રમનું સંચાલન, વિવિધ પ્રવૃત્તિઓના સંચાલન માટે બાળકોની સંચાલન સમિતિ બનાવેલ છે. બાળકો વિવિધ ભાષાનો ઉપયોગ કરી સંચાલન કરે છે.

બાળ સંસદની રચના કરી વિવિધ સમિતિઓ જેવી કે પ્રાર્થના સમિતિ, મધ્યાહન ભોજન સમિતિ, પુસ્તકાલય સમિતિ, સફાઇ સમિતિ, પાણી સમિતિ, પ્રવાસ પર્યટન સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, ઇકો ક્લબ સમિતિ, સ્વચ્છતા– આરોગ્ય સમિતિ દ્વારા શાળાનું સંચાલન કરવામાં આવે છે.

અમારી શાળા બે સંકુલમાં વહેંચાયેલી છે. એક સંકુલ ધોરણ ૧ થી ૫ બેસે છે. જે બે માળની વિશાળ ઈમારત ધરાવે છે. જેમાં પ્રાર્થના હોલ, કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય આચાર્ય ઓફિસ સહીત ૧૨ રૂમ છે. જેમાં આર.ઓ. પ્લાન્ટ, હેન્ડ વોશ, કુમાર કન્યા માટે અલગ અલગ સેનિટેશન વ્યવસ્થા ધરાવે છે. સંકુલ ૧ને બાળકોને આવવાં જવા માટે વિશાળ બે ગેટ બનાવવામાં આવેલ છે.

બીજું સંકુલ ૧૦૦ મીટરમાં અંતરે આવેલ છે. શાળા સંકુલ ૨ના મુખ્ય પ્રવેશ

દ્વારથી લઈ તમામ વર્ગખંડ સુધી આર.સી.સી. બ્લોક લગાવીને પાથ – વે બનાવેલ છે. જેથી બાળકોને આવવાં જવામાં તકલીફ ન પડે. આ સંકુલમાં ધોરણ ૬થી૮ના બાળકો અભ્યાસ કરે છે. શાળા સંકુલ ૨ માં કુલ ૬ ઓરડા તથા મધ્યાહન ભોજનનો રૂમ અને સી.આર.સી. ઓફીસ આવેલ છે. બીજા સંકુલમાં પણ પ્રયોગશાળા તથા પુસ્તકાલય પણ આવેલ છે. જ્યાં કુમાર કન્યા માટે અલગ અલગ સેનિટેશનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પીવાના પાણી તથા હેન્ડ વોશ માટે વિશેષ સુવિધા કરેલ છે. બાળકોને મધ્યાહન યોજનાના ભોજન માટે ડાયનીંગ ટેબલ કોટાસ્ટોનથી બનાવવામાં આવેલ છે. હાલમાં જિલ્લા આયોજન મંડળ દ્વારા પ્રાર્થના શેડ મંજૂર કરી બનાવેલ છે. બાળકો મુક્તપણે રમી શકે તે માટે શાળામાં બાગ–બગીચાનું પણ નિર્માણ કરેલ છે. શાળામાં હીંચકા તથા લપસણીની સુવિધા પણ કરવામાં આવેલ છે. હાલમાં અમારીશાળામાં ગ્રીન સ્કુલ પ્રોજેક્ટ આવતા અમારી શાળા હરિયાળી શાળા બની છે.

**ગુણોત્સવ પરિણામ :**

પ્રથમ ગુણોત્સવ–ડી ગ્રેડ, બીજોગુણોત્સવ –સી ગ્રેડ, ત્રીજો ગુણોત્સવ – સીગ્રેડ, ચોથો ગુણોત્સવ – બી ગ્રેડ, ત્યારબાદ એનએ તમામ ગુણોત્સવમાં શાળાએએગ્રેડ મેળવેલ છે.

**શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ...**

આજનું ગુલાબ, આજનો દીપક, રામહાટ, વિજ્ઞાન ગણિત પ્રદર્શન, વિશેષ દિનની ઉજવણી, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, વિવિધ સ્થળોની મુલાકાત, મહાનુભાવની જન્મ જયંતિની ઉજવણી, ખોયા પાયા, અક્ષય પત્ર, અક્ષય દ્રવ્ય, ફર્સ્ટ એડ કીટ દ્વારા પ્રાથમિક સારવાર, યગ, પ્રાણાયામ, કસરત વાલી સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈકો ક્લબ, પર્યાવરણ પ્રયોગશાળા, દીકરીઓ માટે સ્વરક્ષણ તાલીમ પ્રવાસ પર્યટન, ખેલ મહાકુંભ વિગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમોનું આયોજન અમારી શાળામાંકરવામાં આવે છે. આ બધી જ પ્રવૃત્તિઓ દ્વારા શાળાના બાળકોમાં વિવિધ મુલ્યો તથા સંસ્કારોનું સિંચન થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ બધી જ પ્રવૃત્તિઓ પૈકી એક પ્રવૃત્તિ એટલે ખોયા પાયાની પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં બીજાની વસ્તુ મારાથી ન લેવાય. બીજાની વસ્તુ તેને પરત આપવી જોઈએ. તેવા મૂલ્યોનો વિકાસ થાય છે.

આમ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં મૂલ્યોનો વિકાસ થાય, પ્રમાણિકતાનો ગુણ વિકસે, મળેલી વસ્તુ ભલે સોના કરતા પણ વધારે કિંમતી હોય પરંતુ તે મારી નથી તેથી મારાથીન લેવાય.

## શાળાની વિશિષ્ટ સિધ્ધિઓ....

- વિજ્ઞાન–ગણિત પ્રદર્શનમાં તાલુકા/જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવી રાજ્ય કક્ષા સુધી ગયા.
- છેલ્લા સાત વર્ષથી રમતોત્સવમાં ખો–ખો, કબડ્ડી, ગોળા ફેંક, ૧૦૦ મી. દોડ, યોગાસનમાં ક્લસ્ટર કક્ષાએ પ્રથમ નંબર મેળવી તાલુકા કક્ષાએ ભાગ લીધો.
- ખેલ મહાકુંભ અંતર્ગત સતત સાત વર્ષથી અંડર ૧૪માં હોકીની ટીમમાંશાળાની દીકરીઓએ જીલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવી રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ છે.
- દર વર્ષે અંદાજે ૪૦,૦૦૦ જેટલા ઇનામી રકમ અમારા બાળકો મેળવે છે.
- ખેલ મહાકુંભ ૨૦૧૬માં ગોળાફેંક અન્ડર ૧૪માં શાળાની દીક્ષિતસિંહ જાડેજાએજિલ્લામાં બીજો ક્રમાંક મેળવી રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ છે.
- ખેલ મહાકુંભ અંતર્ગત ૨૦૧૭–૨૦૧૮–૨૦૧૯માં મારી શાળાને ‘‘તાલુકા શ્રેષ્ઠ શાળા’’ તરીકે ત્રીજો ક્રમ મેળવી ત્રણ વર્ષથી રૂા. ૧૦૦૦૦–૧૦૦૦૦૦નુંરોકડપુરસ્કાર મેળવેલ છે.
- કલાઉત્સવ ૨૦૧૬માં ઢોલ વાદન, ચિત્ર તથા કાવ્ય લેખન, નિબંધમાં ક્લસ્ટર કક્ષાએ પ્રથમ નંબર મેળવી જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ છે.
- એન.એમ.એમ.એ. પરીક્ષામાં અત્યારસુધીમાં અમારીશાળાના પાંચ વિદ્યાર્થીઓ રાજ્યના મેરીટમાં સ્થાન પામેલ છે.
- મારી શાળા... સ્વચ્છ શાળા... અંતર્ગત અમારી શાળાને વર્ષ :૨૦૧૬/૧૭માં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી તથા શિક્ષણમંત્રીશ્રીની હાજરીમાં ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૬/૧૭માં ‘‘શાળા સ્વચ્છતા એવોર્ડ’’ સાથે રૂપિયા ૧૦,૦૦૦ પુરસ્કાર મળેલ છે.



# સ્વાતંત્ર્ય દિનની ઉજવણી










**બુક–પોસ્ટ**

To ______________________________

______________________________

______________________________

**રવાના :**

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**સુરેન્દ્રનગર**

મુદ્રક : ઝબ્મા એન્ટરપ્રાઈઝ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૪)